આસ્થા પર તંત્રની ઉદાસીનતાનું 'ગ્રહણ', ગણેશ મંદિર પાસે ડ્રેનેજના ગંદા પાણીથી ભક્તોમાં રોષ

# યાકુતપુરામાં દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓ ગંદા પાણીમાંથી પસાર થવા મજબૂર થયા

રસ્તા પર વહેતા ડ્રેનેજના પાણીને કારણે સમગ્ર વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરામાં એક તરફ સ્માર્ટ સિટીના દાવાઓ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ શહેરના વોર્ડ નંબર 6 માં આવતા યાકુતપુરા વિસ્તારમાં તંત્રની ઘોર ઉદાસીનતા સામે આવી છે. યાકુતપુરાના લાલ અખાડા મુખ્ય માર્ગ પર છેલ્લા ઘણા સમયથી ડ્રેનેજ લાઈનો ઓવરફ્લો થઈ રહી છે, જેના કારણે સ્થાનિક રહીશો અને ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સૌથી આઘાતજનક બાબત એ છે કે, આ વિસ્તારમાં આવેલ પ્રાચીન ગણેશજીના મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર સુધી ડ્રેનેજના ગંદા પાણી ફરી વળ્યા છે. પવિત્ર ગણાતા મંદિરની આસપાસ ગંદકીનું સામ્રાજ્ય ફેલાતા શ્રદ્ધાળુઓની આસ્થા દુભાઈ રહી છે. ગણેશ મંદિરે દર્શન કરવા આવતા ભક્તોએ પવિત્રતા જાળવવાને બદલે આ અસહ્ય દુર્ગંધ મારતા ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ ગંભીર સમસ્યા અંગે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓને અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે. જોકે, અધિકારીઓ ઉકેલ લાવવાને બદલે જવાબદારીમાંથી હાથ ઊંચા કરી રહ્યા છે. જ્યારે સ્થાનિકોએ અધિકારીઓનો સંપર્ક કર્યો ત્યારે તેઓએ એવું વિચિત્ર બહાનું કાઢ્યું હતું કે, આ ડ્રેનેજ લાઈન પ્રાઈવેટ હોવાથી તેની જવાબદારી કોર્પોરેશનની નથી. ત્યારે સ્થાનિકોએ જણાવ્યું હતું કે લાઈન પ્રાઈવેટ હોય કે સરકારી, રસ્તા પર વહેતું ગંદુ પાણી જનતાના સ્વાસ્થ્ય માટે જોખમી છે. શું રસ્તાઓ પર ગંદકી ફેલાવવા દેવી એ તંત્રની જવાબદારી નથી ? ભર ઉનાળે રસ્તા પર વહેતા ડ્રેનેજના પાણીને કારણે સમગ્ર વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે.

## દાહોદમાં ચાઈલ્ડ હેલ્પ લાઈન અને પોલીસની સંયુક્ત કામગીરીથી બાળ લગ્ન અટકાવ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.11
દાહોદ જિલ્લામાં બાળ લગ્ન અટકાવવાનો મહત્વપૂર્ણ કિસ્સો સામે આવ્યો છે, જેમાં ચાઈલ્ડ હેલ્પ લાઈન અને સ્થાનિક પોલીસની સતર્ક કામગીરીથી એક સગીર વયની દીકરીના લગ્ન મોકુફ રાખવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ નજીક ભીલવાડા ગામમાં એક ૧૭ વર્ષીય દીકરીના લગ્ન યોજવામાં આવી રહ્યા હતા. જે અંતર્ગત અજાણી વ્યક્તિ દ્વારા ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પ લાઈન પર કોલ કરીને સગીરાના લગ્ન થવાની માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ તરત જ ચાઈલ્ડ હેલ્પ લાઈન ટીમે તાત્કાલિક પોલીસનો સંપર્ક કરી સંયુક્ત રીતે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ચાઈલ્ડ હેલ્પલાઈન અને પોલીસ લગ્નસ્થળે પહોંચી તપાસ હાથ ધરતા દીકરીની ઉંમર ૧૭ વર્ષથી ઓછી હોવાનું સામે આવ્યું હતું.

વડોદરાની SSG હોસ્પિટલ 'રામ ભરોસે'

# ડ્રાઈવરના અભાવે દર્દીએ 3 કલાક સુધી એમ્બ્યુલન્સની રાહ જોવી પડી

દર્દીને અમદાવાદ રીફર કરાયો છતાં એમ્બ્યુલન્સ ન મળી, 'તંત્ર ઘોર નિદ્રામાં' હોવાનો પરિવારનો આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા, તા.11
સરકારી હોસ્પિટલોને 'જીવાદોરી' કહેવી કે 'યમદૂતનું દ્વાર', તેવો ગંભીર પ્રશ્ન આજે વડોદરાની મધ્યસ્થ સયાજી હોસ્પિટલ પરિસરમાં ગુંજતો રહ્યો. મધ્ય ગુજરાતની સૌથી મોટી ગણાતી આ હોસ્પિટલમાં વ્યવસ્થાના નામે મીંડું હોવાની સાબિતી ફરી એકવાર મળી છે. હૃદયદ્રાવક દ્રશ્યો વચ્ચે એક ઈજાગ્રસ્ત દર્દી અને તેના સ્વજનો એમ્બ્યુલન્સ માટે ત્રણ-ત્રણ કલાક સુધી હોસ્પિટલના સત્તાધીશો સામે હાથ જોડીને એમ્બ્યુલન્સની ભીખ માંગતા રહ્યા, પણ 'સાહેબો' ના પેટનું પાણી હલ્યું નહીં. કારણ માત્ર એટલું જ હતું કે કરોડોની એમ્બ્યુલન્સ તો હતી, પણ તેને ચલાવનાર ડ્રાઈવર હાજર નહોતો. ઘટનાની વિગતો એવી છે કે, પ્રતાપનગર રેલવે વર્ક શોપ થી એક ઈજાગ્રસ્ત હાલતમાં દર્દીને સારવાર માટે SSG હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. તબીબોએ દર્દીને વધુ સારવાર અર્થે અમદાવાદની સિવિલ કે હાઈટેક હોસ્પિટલમાં ખસેડવાની સૂચના આપી હતી. પરિવારજનોએ જ્યારે દર્દીને લઈને અમદાવાદ જવા માટે એમ્બ્યુલન્સની માંગ કરી, પરંતુ હોસ્પિટલના વહીવટી તંત્રએ જાણે માનવતા નેવે મૂકી દીધી હોય તેમ ત્રણ કલાક સુધી દર્દીને રઝળતો મૂકી દીધો. એક તરફ સરકાર 'સ્વાસ્થ્ય સુવિધા' ના મોટા-મોટા દાવાઓ કરે છે, બીજી તરફ રાજ્યની સરકારી હોસ્પિટલમાં એક ડ્રાઈવરના કારણે દર્દીનું જીવન જોખમમાં મૂકાય છે. SSG હોસ્પિટલ અગાઉ પણ વિવિધ મુદ્દાઓને કારણે વિવાદોમાં રહી ચૂકી છે. પરંતુ આ વખતે એમ્બ્યુલન્સ ડ્રાઈવરની બેદરકારીએ તંત્રની પોલ ઉઘાડી પાડી દીધી છે.

વારસિયામાં પાલિકાના કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી

# શાળાના મુખ્ય માર્ગ પર ડ્રેનેજ પાઈપોનો ખડકલો, બાળકોના જીવ જોખમમાં

વિકાસના નામે વિનાશની નોબત ? સાંકડા રસ્તા પર અસ્તવ્યસ્ત પડેલા પાઈપો ગમે ત્યારે મોટી હોનારત સર્જી શકે છે, સ્થાનિકોમાં ભારે રોષ



(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરામાં મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતા વિકાસલક્ષી કાર્યો ક્યારેક જનતા માટે આફતનું કારણ બનતા હોય છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો શહેરના વારસિયા વિસ્તારમાંથી સામે આવ્યો છે, જ્યાં ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી કરી રહેલા કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારીને કારણે હજારો વિદ્યાર્થીઓ અને સ્થાનિકોના જીવ તાળવે ચોંટ્યા છે. વારસિયા વિસ્તારમાં આવેલી દાદી ચૈનાની અંગ્રેજી માધ્યમ શાળા પાસે મુખ્ય માર્ગ પર ડ્રેનેજના વિશાળ પાઈપો અત્યંત અસ્તવ્યસ્ત રીતે મૂકી દેવામાં આવ્યા છે. આ એ માર્ગ છે જ્યાંથી દરરોજ હજારો નાના ભૂલકાઓ અને વાલીઓ પસાર થાય છે. કોન્ટ્રાક્ટર દ્વારા સુરક્ષાના કોઈપણ નિયમોનું પાલન કર્યા વગર રસ્તાની વચોવચ આ પાઈપો ખડકી દેવાતા રસ્તો અત્યંત સાંકડો બની ગયો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ પાઈપો પ્રોપર બેરીકેડ કે ચેતવણીના બોર્ડ વગર જ મૂકી દેવામાં આવ્યા છે. રસ્તો સાંકડો થવાને કારણે સ્કૂલ બસ, રિક્ષા અને અન્ય વાહનોની અવરજવરમાં ભારે અડચણ ઊભી થઈ રહી છે. નાના બાળકો રમતા-રમતા આ પાઈપોની નજીક જતા રહે છે, જે ગમે ત્યારે જોખમ ઊભું કરી શકે છે. રસ્તાની સાઈડમાં પાઈપો હોવાથી રાહદારીઓને ફરજિયાત વાહનોની વચ્ચે ચાલવું પડે છે, જેનાથી અકસ્માતનો ભય સતત મંડરાતો રહે છે. વારસિયા વિસ્તારના રહીશોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

જન્મદિવસે માનવસેવાનો સંદેશ

# જયદીપભાઈ પટેલના જન્મદિવસે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

ગોત્રી-વાસણા વિસ્તારમાં પરિવાર અને મિત્રમંડળ દ્વારા સેવા કાર્યથી ઉજવણી



(પ્રતિનિધિ) વડોદરા, તા.11
શ્રી પશ્ચિમ વિસ્તાર પાટીદાર સમાજના આગેવાન તથા અમૃતવેલા પરિવારના સક્રિય સભ્ય જયદીપભાઈ પટેલના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. પરિવારના સભ્યો અને મિત્રમંડળ દ્વારા ગોત્રી-વાસણા વિસ્તારમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરીને જન્મદિવસને સેવા કાર્ય સાથે જોડવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી સ્વૈચ્છિક રીતે રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે ચાણસદ સ્વામિનારાયણ મંદિરના હરિપ્રકાશ સ્વામી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પને સફળ બનાવવા બદલ ઈન્દુ બ્લડ બેન્કના સ્ટાફ તેમજ મંગલમ હોસ્પિટલના ડૉ. હિમાંશુ પટેલ અને તેમની ટીમે સેવા આપી હતી, જેના બદલ પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કરનાર તમામ ડોનર્સનો પણ પરિવાર દ્વારા હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

કૅટાલિસિસથી ગ્રીન કેમિસ્ટ્રી તરફનું મજબૂત પગલું

# નવરચના યુનિ.માં અકાડેમિયા-ઈન્ડસ્ટ્રી કોન્ક્લેવ ઑન ફાર્માસ્યુટિકલ્સ એન્ડ ફાઈન કેમિકલ્સનું આયોજન

સ્થાયી ફાર્માસ્યુટિકલ્સ અને ફાઇન કેમિકલ્સ માટે નવી દિશા દર્શાવતી ચર્ચાઓ



(પ્રતિનિધિ) વડોદરા, તા.11
સ્થિર અને પર્યાવરણમિત્ર રસાયણિક ઉત્પાદન તરફ ઉદ્યોગને આગળ વધારવાના ઉદ્દેશ સાથે નવરચના યુનિવર્સિટીના સ્કૂલ ઑફ સાયન્સ અને કૅટાલિસિસ સોસાયટી ઑફ ઈન્ડિયા - બરોડા ચૅપ્ટર દ્વારા 11 એપ્રિલ, 2026ના રોજ “અકાડેમિયા-ઈન્ડસ્ટ્રી કોન્ક્લેવ ઑન કૅટાલિસિસ ફોર ફાર્માસ્યુટિકલ્સ એન્ડ ફાઇન કેમિકલ્સ”નું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ગ્રીન કેમિસ્ટ્રી, કાર્બન-ન્યુટ્રલ ઉત્પાદન, કૅટાલિસ્ટ ડિઝાઈન અને કન્ટિન્યુઅસ ફ્લો પ્રોસેસિંગ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ. મુખ્ય ભાષણમાં ડૉ. કન્નન શ્રીવાસ્તવે બાયોમાસ આધારિત સ્થાયી રસાયણિક ઉત્પાદનની સંભાવનાઓ રજૂ કરી. બાબુ પટેલ, ડૉ. દર્શિ બક્ષી, ડૉ. સંદીપ પાટીલ તેમજ ઉદ્યોગના નિષ્ણાતોએ પ્રોસેસ ઑપ્ટિમાઈઝેશન, નિયમનકારી પડકારો અને ટેક્નોલોજી ટ્રાન્સફર જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું. પેનલ ચર્ચામાં સંશોધનને ઝડપી ઉદ્યોગિક ઉપયોગ સુધી પહોંચાડવાની જરૂરિયાત પર ભાર મુકાયો. આ કોન્ક્લેવ વડોદરા-ગુજરાતના ફાર્મા અને સ્પેશિયલિટી કેમિકલ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ સાબિત થઈ ઉદ્યોગ માટે કુશળ માનવસંસાધન તૈયાર કરવાની દિશામાં અસરકારક પગલું બન્યું.

બાળકોના જન્મદિવસોને ખાસ રીતે ઉજવવા પહેલ

# આસ્થા ફાઉન્ડેશન સાથે સેવા પ્રવૃત્તિ મનોદિવ્યાંગ બાળકો સાથે ઉજવણી



(પ્રતિનિધિ) વડોદરા, તા.11
અમૃતસર હવેલી દ્વારા સમાજસેવાના નવા પ્રયત્નને પ્રોત્સાહન વડોદરાઃ શહેરમાં પ્રખ્યાત ઉત્તર ભારતીય બ્રાન્ડ અમૃતસર હવેલીના શુભારંભ પ્રસંગે સામાજિક જવાબદારીનું અનોખું ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું હતું. આસ્થા ફાઉન્ડેશનના મનોદિવ્યાંગ બાળકો સાથે મળીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી અને હવે આગળથી કોઈપણ મનોદિવ્યાંગ બાળકનો જન્મદિવસ ઉજવવાની પહેલ હાથ ધરવામાં આવી છે. આ પગલાથી સમાજમાં વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો પ્રત્યે સંવેદના અને સહભાગિતાનો સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે બાળકો સાથે ખુશીની ક્ષણો વહેંચવામાં આવી અને તેમની સાથે સમય પસાર કરીને તેમને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આયોજકોના જણાવ્યા મુજબ, આવી પ્રવૃત્તિઓ દ્વારા મનોદિવ્યાંગ બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે અને સમાજ સાથે તેમનો જોડાણ મજબૂત બને છે. પ્રમાણિકતા અને ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે પ્રખ્યાત, અમૃતસર હવેલી તાજા, શુદ્ધ દેશી ઘીનો ઉપયોગ કરીને તેનું ભોજન તૈયાર કરે છે.

ડૉ. સ્નેહા છત્તાનીનો સફળ વેબિનાર

# “ફિટ ફોર ડ્યુટી, સ્ટ્રોંગ ફોર લાઈફ” થી મહિલા પોલીસમાં આરોગ્ય જાગૃતિનો સંદેશ

વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે મહિલા પોલીસ માટે વિશેષ ઓનલાઇન માર્ગદર્શન



(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વિશ્વ આરોગ્ય દિવસના અવસર પર વડોદરાની પ્રખ્યાત ફિઝિયોથેરાપિસ્ટ અને પ્રમાણિત આરોગ્ય માર્ગદર્શિકા ડૉ. સ્નેહા છત્તાની દ્વારા મહિલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે “ફિટ ફોર ડ્યુટી, સ્ટ્રોંગ ફોર લાઈફ” વિષય આધારિત આરોગ્ય જાગૃતિ અંગે વિશેષ ઑનલાઈન વેબિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનાર ઝૂમ માધ્યમ દ્વારા યોજાયો હતો. વેબિનારનો મુખ્ય હેતુ મહિલા પોલીસ કર્મચારીઓમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધારવાનો હતો. તણાવ નિયંત્રણ, યોગ્ય પોષણ અને જીવનશૈલી સુધારા અંગે પ્રાયોગિક માર્ગદર્શન વેબિનાર દરમિયાન ડૉ. છત્તાનીએ પોલીસ જેવી જવાબદારીભરી અને તણાવપૂર્ણ નોકરીમાં કાર્યરત મહિલાઓ માટે સ્વાસ્થ્ય જાળવવાની મહત્વતા સમજાવી. તેમણે તણાવ નિયંત્રણ, સંતુલિત આહાર અને દૈનિક જીવનમાં સરળતાથી અપનાવી શકાય તેવી આરોગ્યપ્રદ આદતો અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું. વડોદરા શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાંથી મોટી સંખ્યામાં મહિલા અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને કાર્યક્રમને ઉત્તમ પ્રતિસાદ મળ્યો.

આંબાના ઝાડની ડાળીપર લટકેલી લાશ મળી આવી

# સુખસર તાલુકાના રાવળના વરુણા ગામના યુવાને ફાંસો ખાધો

( પ્રતિનિધિ ) સુખસર,તા.11
સુખસર તાલુકામાં સમયાંતરે કમોતના બનાવો બનવાના કિસ્સા પ્રકાશમાં સતત આવતા રહે છે.જેમાં વધુ એક બનાવ શનિવારના રોજ સુખસર પાસે આવેલ રાવળના વરુણા ગામના ૨૦ વર્ષિય યુવાને અગમ્ય કારણોસર પોતાના ઘર પાસે આવેલ આંબાના ડાળ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ મોત વહાલું કરતા પરિવાર સહિત ગામમાં હાહાકાર મચી જવા પામ્યો હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ સુખસર તાલુકાના રાવળના વરુણા ખાતે રહેતા પપ્પુભાઈ કલાભાઈ મકવાણા ખેતીવાડી તથા છૂટક મજૂરી ધંધો કરી પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે. જેઓને સંતાનમાં ત્રણ પુત્રો તથા એક પુત્રી હતા.જેમાં સૌથી મોટો પુત્ર નામે અંકુરભાઈ પપ્પુભાઈ મકવાણા(ઉંમર વર્ષ 20)ગત અઢી માસ અગાઉ પાલેજ ખાતે મજૂરી કામે ગયેલ હતો. જ્યારે ગુરૂવારના રોજ મૃતકના પિતા પપ્પુભાઈ મકવાણા તથા તેમના પત્ની આફવા ગામે બહેનને ત્યાં મહેમાન તરીકે ગયેલા હતા.જ્યારે તેમના અન્ય સંતાનો ઘરે હતા.ત્યારે પપ્પુ ભાઈનો નાનો પુત્ર શુક્રવાર સવારના 6 વાગ્યાના અરસામાં કુદરતી હાજતે જવા નીકળેલ તેવા સમયે બહારગામ ગયેલો પોતાનો ભાઈ અંકુર પોતાના ઘર પાસે આવેલ આંબાની ડાળ સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાધેલ લટકેલી હાલતમાં જોવા મળ્યો હતો.આ વાત આસપાસના લોકોને તથા મહેમાન ગયેલા પોતાના પિતાને કરતા ઘટના સ્થળે આસપાસ માંથી લોકો દોડી આવ્યા હતા.અને નીચે ઉતારી જોતા અંકુરનું મોત નીપજી ચૂકેલ હોવાનું જણાઈ આવતા હકીકતની જાણ સુખસર પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. ઉપરોક્ત ઘટનાની મૃતક અંકુરભાઈના પિતા પપ્પુભાઈ કલાભાઈ મકવાણાએ સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી.

સ્થળાંતર કરનારા શ્રમિકો માટે રાહત

# 5 કિલોના એલપીજી સિલિન્ડરની ઉપલબ્ધતા વધારવામાં આવી

સરળ પ્રક્રિયા સાથે હવે સરનામાના પુરાવા વગર પણ મળશે સિલિન્ડર



(પ્રતિનિધિ) વડોદરા, તા.11
Ministry of Petroleum and Natural Gas (એમઓપીએનજી) દ્વારા સ્થળાંતર કરનારા શ્રમિકો, રોજમદારો અને વંચિત વર્ગોને સ્વચ્છ રસોઈ ઈંધણ સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે 5 કિલોના ફ્રી ટ્રેડ એલપીજી (એફટીએલ) સિલિન્ડરની સપ્લાયમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. મંત્રાલયે 7 એપ્રિલથી તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં દૈનિક ફાળવણી બમણી કરી દીધી છે અને અગાઉની સપ્લાય મર્યાદા પણ દૂર કરી છે. ખાસ કરીને શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં વધતી માંગને પહોંચી વળવા આ નિર્ણય મહત્વપૂર્ણ ગણાયો છે. સુલભતા વધારવા માટે હવે ગ્રાહકોને કાયમી સરનામાના પુરાવાની જરૂર નહીં રહે અને આધાર અથવા પાન કાર્ડ જેવા ઓળખપત્ર સાથે સામાન્ય સ્વ-ઘોષણા આપી 5 કિલોનો સિલિન્ડર મેળવી શકાશે. 23 માર્ચથી 9 એપ્રિલ દરમિયાન દેશભરમાં 8.9 લાખથી વધુ સિલિન્ડરનું વિતરણ થયું છે, જેમાં 7 એપ્રિલે એક જ દિવસે 1.1 લાખથી વધુ યુનિટ્સનું વેચાણ નોંધાયું હતું. ઉપરાંત, સુરક્ષિત ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે દેશભરમાં 1,600થી વધુ જાગૃતિ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.

કોર્ટે આરોપીના 15 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

# શિનોરમાં ચકચારી હની ટ્રેપના ગુનાના પાંચમા આરોપીની ધરપકડ

શિનોર પોલીસે અગાઉ ચાર આરોપીઓને ઝડપી લીધા છે



(પ્રતિનિધિ) શિનોર, તા.11
શિનોર પોલીસ મથકે તારીખ 1 મે 2025 થી તારીખ 29 ઓક્ટોબર 2025 દરમિયાન બનેલા ગુનાની ફરિયાદ તારીખ 6 ફેબ્રુઆરી 2026 ના રોજ ફરિયાદી હરેશ રણછોડ પટેલે 9 આરોપીઓ સામે આપી હતી. ત્યારબાદ મુખ્ય આરોપી આશિક સિકંદર પઠાણ જેના હાથે આ તમામ રૂપિયા અપાયા હતા તેની ધરપકડ કરી રિમાન્ડ દરમિયાન 14 લાખનો રોકડ સહિત મુદ્દા માલ કબજે કર્યો હતો. કોર્ટે તેને જામીન પર મુક્ત કર્યા, બાદ રિમાન્ડ દરમિયાન ખુલેલા ચોથા આરોપી આશિક પઠાણનો પુત્ર અશફાક પઠાણને નાણાં ગૂગલ પે થી આપેલા તેના રિમાન્ડ પુરા થતાં જામીન પર મુક્ત થયેલ છે. આશિકના ભાઈ અહેમદને બેંકમાંથી ફરિયાદીએ 8,00,000 આપેલા તે તથા માલસર માંડવા વચ્ચે આવેલ મહારાજ નું મકાન ગુનામાં સામેલ હોય તે મહારાજ, ઉપરાંત એક લંગડો વ્યક્તિ અને આશિકની અલ્ટો ગાડી પણ આ કાવતરામાં સામેલ હતી, જે ઝડપવાની બાકી છે. મૂળ ફરિયાદના બાકીના છ આરોપીઓ હજુ પકડવાના બાકી હતા, તે અરસામાં ઈન્ચાર્જ પી.આઈ.ભાદરકાની બદલી થતાં નવા પી.આઈ.આર.આર. વસાવાએ ચાર્જ લીધો છે.

એ દરમિયાન તપાસમાં ખુલેલ મુખ્ય આરોપી શૈલેષ વસાવા જેને કરજણ સેસન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરેલ, જે નામંજૂર થતાં LCB પોલીસે તેને ઝડપી શિનોર પોલીસને સોંપેલ છે.

શિનોર પોલીસે શૈલેષ વસાવાને નામદાર કોર્ટ સમક્ષ રજુ કરીને રિમાન્ડની માંગણી કરતાં આગામી તારીખ 15 એપ્રિલ સુધી રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

સાવલી તાલુકાના મુવાલ ગામની સીમનો બનાવ

# વિકૃત હાલતમાં અજાણી સ્ત્રીની લાશ મળી આવી



(પ્રતિનિધિ) સાવલી, તા.11
સાવલી તાલુકાના મુવાલ ગામ ની સીમમાં બિલકુલ વિકૃત હાલતમાં અજાણી સ્ત્રીની લાશ મળતા ચકચાર મચી જવા પામી છે. સાવલી તાલુકાના મુવાલ ગામની સીમમાં અજાણી સ્ત્રીની ભારે વિકૃત હાલતમાં લાશ મળી આવી હતી બનાવના પગલે ભારે લોકટોળા ઉમટી પડ્યા હતા અને બનાવની જાણ સાવલી પોલીસ ને થતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી ને લાશનો કબ્જો લીધો હતો અને એફ એસ એલ ની ટીમ ની મદદ લઈને વિવિધ પૃથ્થકરણ ની મદદ લીધી છે અને પી એમ કરાવીને મોતનું ચોક્કસ કારણ શોધવા તજવીજ હાથ ધરી છે જ્યારે અજાણી મહિલાની લાશ મળવા મુદ્દે હત્યા કે અન્ય કારણ શોધવા તજવીજ હાથ ધરી છે અને પોલીસે મૃતક ના વાલીવારસો ને શોધવા તજવીજ હાથ ધરી છે.

ગમખ્વાર અકસ્માતમાં પાંચ લોકોને ઓછાવત્તી ઇજાઓ થવા પામી હતી

# સેગવા-સાધલી માર્ગ પર ભયજનક વળાંકમાં કાર-એસટી બસ વચ્ચે ટક્કર



(પ્રતિનિધિ) શિનોર, તા.11
વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં સેગવા-સાધલી માર્ગ પર માલપુર ગામ નજીક આવેલ ખતરનાક વળાંક ફરી એકવાર અકસ્માતનું કારણ બન્યો છે. આજે આ સ્થળે કાર અને એસ.ટી. બસ વચ્ચે જોરદાર અથડામણ સર્જાઈ હતી.માહિતી મુજબ સાધલી તરફથી આવી રહેલી કાર અને સેગવા તરફથી આવી રહેલી એસ.ટી. બસ માલપુરના વળાંક પાસે અચાનક સામસામે આવી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે નુકસાનગ્રસ્ત થયો હતો. આ અકસ્માતમાં કાર અને બસમાં સવાર મળીને કુલ પાંચ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ માલપુરનો આ વળાંક પહેલાથી જ અત્યંત જોખમી માનવામાં આવે છે અને અહીં અત્યાર સુધીમાં લગભગ 30 જેટલા અકસ્માતો બની ચૂક્યા છે. તેમ છતાં, તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. વારંવાર રજૂઆતો છતાં રોડ વિભાગ દ્વારા યોગ્ય સુધારા ન થતાં સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. લોકો તાત્કાલિક આ અડધો ગોળાકાર વળાંક ને સુધારી સુરક્ષા વ્યવસ્થાઓ ઉભી કરવાની માંગ કરી રહ્યા છે.